## આરોગ્ય વિભાગ
## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

### ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ખાતે નવા શરૂ થનાર દિનદયાળ ક્લીનીક માટે(સાંજે ૦૫:૦૦ કલાકથી રાત્રીના ૦૯:૦૦ કલાક સુધી) ૧૧ માસનાં કરાર આધારીત તદન હંગામી ધોરણે નીચે જણાવેલ જગ્યાએ ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર તા. ૦૬/૦૮/૨૦૨૧ (૦૦.૦૧કલાક) થી તા. ૧૫/૦૮/૨૦૨૧ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | માસિક ફિક્સ પગાર |
|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર(MBBS) | ૪૨ | રૂ. ૩૦,૦૦૦/- |
| ૨ | મેડીકલ ઓફિસર(આયુષ) (BAMS/BHMS) | | રૂ. ૨૩,૦૦૦/- |
| જો MBBS ડોક્ટર નહી મળે તો જ આયુષ ડોક્ટરને લેવામાં આવશે. | | | |

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

નોંધ:- ઉપરોક્ત જગા ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી મંજુર જગા ભરવા માટે ૨ વર્ષ સુધીની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર

પી.આર.ઓ. નં ૩૫૯/૨૧-૨૨ વડોદરા મહાનગરપાલિકા

## આરોગ્ય વિભાગ
## વડોદરા મહાનગરપાલિકા

# ભરતી માટેની જાહેરાત

## (જાહેરાત ક્રમાંકઃ ૩૫૯/૨૦૨૧-૨૨)

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | માસિક ફિક્સ પગાર |
|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર(MBBS) | ૪૨ | રૂ. ૩૦,૦૦૦/- |
| ૨ | મેડીકલ ઓફિસર(આયુષ) (BAMS/BHMS) | | રૂ. ૨૩,૦૦૦/- |

1. **શૈક્ષણિક લાયકાત અને અનુભવ:**
   1. મેડીકલ ઓફિસર :- એમ.બી.બી.એસ., ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવુ જરૂરી છે. **સ્થાનિક પ્રાઇવેટ પ્રેક્ટીસ કરતા તબીબને પ્રાથમિકતા આપવાની રહેશે**
   2. મેડીકલ ઓફિસર(આયુષ):- માન્ય સંસ્થા દ્વારા BAMS/BHMS ની ડીગ્રી તેમજ હોમીયોપેથી/આયુર્વેદનું ગુજરાત કાઉન્સિલનું રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે.

2. <u>પગાર ધોરણ:</u>
    1. મેડીકલ ઓફિસર :- રૂ.૩૦,૦૦૦/- માસિક ફિક્સ પગાર
    2. મેડીકલ ઓફિસર(આયુષ) :- રૂ.૨૩,૦૦૦/- માસિક ફિક્સ પગાર
3. <u>કરારનો સમયગાળો:</u>

   ૧૧ માસના કરાર આધારીત
4. <u>દીનદયાળ ક્લીનીક માટેની શરતો:</u>
    a. સદર ક્લીનીકની સેવા સાંજે ૫:૦૦ કલાકથી રાત્રે ૯:૦૦ કલાક સુધી આપવાની રહેશે.
    b. જો MBBS ડોક્ટર નહી મળે તો જ આયુષ ડોક્ટરને લેવામાં આવશે.
    c. દીનદયાળ ક્લીનીક માટે પસંદગી પામેલ તબીબ દ્વારા એક પેરા મેડીકલ સ્ટાફ પોતાની જરૂરીયાત મુજબ રાખી શકાશે. જેનો સંપુર્ણ ખર્ચ જે તે પસંદગી પામેલ તબીબે પોતે ભોગવવાનો રહેશે. તથા જરૂરી તબીબી તપાસના સાધનોની વ્યવસ્થા તબીબે સ્વખર્ચે કરવાની રહેશે. આ અંગે કોઇ પણ પ્રકારની નાણાકિય સહાય મળવાપાત્ર થશે નહી.
    d. મેડીકલ ઓફિસરે આ ક્લીનીકમાં આવનાર તમામ નાગરીકો/દર્દીઓની આરોગ્ય તપાસણી કરવાની, જરૂરી દવાઓ ક્લીનીકમાંથી આપવાની, પાટાપીંડી વગેરે કરવાની, જરૂર પડે દર્દીઓને નજીકની સરકારી હોસ્પિટલમાં રીફર કરવાની – માર્ગદર્શન આપવાની વગેરે કામગીરી કરવાની રહેશે.
    e. મેડીકલ ઓફિસર આવેલ નાગરીક કે દર્દીને કોઇ પણ ખાનગી હોસ્પિટલમાં રીફર કરી શકશે નહી. પરંતુ નજીકની સરકારી હોસ્પિટલમાં જ રીફર કરવાના રહેશે.
    f. સેવા આપનાર ડોક્ટર ફરજ છોડવા માંગતા હોય તો એક મહિનાની નોટીસ આપીને છુટા થઇ શકશે. અને આરોગ્ય વિભાગે જો ડોક્ટરને છુટા કરવાનું કોઇ વ્યાજબી કારણ હશે તો તાત્કાલીક અસરથી છુટા કરી શકાશે.
    g. આ યોજના વયનિવૃતિ, સ્વૈચ્છીક નિવૃતિથી નિવૃત થયેલ અથવા રાજીનામું આપી છુટા થયેલ હોય તેવા તબીબ અધિકારીને લાગુ પડી શકશે. અગાઉ સરકારી નોકરીમાંથી ફરીયાદના ભાગરૂપે છુટા કરેલ તબીબને લઇ શકાશે નહી.
    h. મેડીકલ ઓફિસરની ઉંમર ૬૫ વર્ષથી વધું ના હોવી જોઇએ.
    i. પસંદગી પામેલ ઉમેદવારે હાજર થવાના દિવસે સંબંધિત કચેરીના વડાને નિયત કરેલ પત્રકમાં પ્રજાસત્તાક ભારતના સંવિધાનને વફાદાર રહેવાનું સોગંદનામું આપવાનું રહેશે. તેમજ શૈક્ષણિક લાયકાત/રજીસ્ટ્રેશન, જન્મ તારીખનો પુરાવો તથા સંબંધિત તમામ અસલ પ્રમાણપત્રો ચકાસણી માટે રજુ કરવાના રહેશે.
    j. આ યોજના હેઠળ પસંદગી પામેલ તબીબ અધિકારીને નિયત વેતન ઉપરાંતનાં કોઇ પણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી. તેમજ સરકારશ્રી દ્વારા અન્ય કોઇ સરકારી, નાણાકીય તેમજ સેવા વિષયક અન્ય કોઇ લાભો મળશે નહી.
    k. ૧૧ માસનાં કરાર પુર્ણ થયા બાદ સેવાઓની ગુણવત્તાને આધારે પુન: નિમણુંક મેળવવા ઇચ્છતા ઉમેદવારનો કરાર રીન્યુઅલ ૭ દિવસના બ્રેક બાદ કરવામાં આવશે.
    l. આ યોજના હેઠળ પસંદગી પામેલ તબીબી અધિકારીએ તેમના ખાનગી વ્યવસાયનાં સ્થળ, સમય અને સંપર્કની વિગતો સંબંધિત અધિકારીશ્રીને આપવાની રહેશે. તબીબી અધિકારીએ અર્બન હેલ્થ ક્લીનીક ખાતેના કામકાજનાં કલાકો સિવાય ખાનગી વ્યવસાયની છુટ રહેશે.

m. આ યોજના હેઠળ તબીબી અધિકારી પોતાના ઘરે કે પ્રેક્ટીસના સ્થળે બોલાવી, નિદાન તેમજ સારવાર કરી શકશે નહી. અને જો તેમ કરતા પકડાશે તો તેમના કરારનો અંત કરવામાં આવશે. અને તેમને મળતા માસીક વેતનનો બમણો દંડ વસુલ કરવામાં આવશે.

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૦૬/૦૮/૨૦૨૧ (૦૦-૦૧ કલાક) થી તા. ૧૫/૦૮/૨૦૨૧(૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. જે અંગે ભરતીને લગત માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપર પ્રાપ્ત છે.
3. **શૈક્ષણિક માહીતી:** દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ education qualification details મા ના હોય તો OTHER1 અને કોમ્પુટર કોર્ષ ની માહીતી OTHER2 માં ભરવી.
4. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
5. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+/CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
6. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
7. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
8. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
9. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

## દીનદયાળ ક્લીનીક માટે મેડીકલ ઓફિસર(એમ.બી.બી.એસ/આયુષ)ની ગુણાંકન પધ્ધતિ

| અ.નં. | | ટકાવારી | ગુણ | મહત્તમ ગુણ |
|---|---|---|---|---|
| ૧ | એમ.બી.બી.એસ./આયુષ(BAMS/BHMS) ના મળવાપાત્ર ગુણાંકન | ૫૦.૦૧% થી ૫૨.૦૦% | ૮ | મહત્તમ - ૩૦ |
| | | ૫૨.૦૧% થી ૫૪.૦૦% | ૧૦ | |
| | | ૫૪.૦૧% થી ૫૬.૦૦% | ૧૨ | |
| | | ૫૬ .૦૧% થી ૫૮.૦૦% | ૧૪ | |
| | | ૫૮.૦૧% થી ૬૦.૦૦% | ૧૬ | |
| | | ૬૦ .૦૧% થી ૬૨.૦૦% | ૧૮ | |
| | | ૬૨.૦૧% થી ૬૪.૦૦% | ૨૦ | |
| | | ૬૪.૦૧% થી ૬૬.૦૦% | ૨૨ | |
| | | ૬૬.૦૧% થી ૬૮.૦૦% | ૨૪ | |
| | | ૬૮ .૦૧% થી ૭૦.૦૦% | ૨૬ | |
| | | ૭૦ .૦૧% થી ૭૫.૦૦% | ૨૮ | |
| | | ૭૫.૦૧% થી વધારે માટે | ૩૦ | |
| ૨ | અનુભવનાં મળવાપાત્ર ગુણાંકન | ૫ થી ૧૦ વર્ષ | ૨૫ | મહત્તમ - ૨૫ |
| | | ૩ થી ૫ વર્ષ | ૧૫ | |
| | | ૧ થી ૩ વર્ષ | ૧૦ | |
| ૩ | વધારાની અનુસ્નાતકની મેળવેલ ડીગ્રી માટે એમ.ડી/એમ.એસ. | પ્રથમ પ્રયત્ન | ૨૦ | મહત્તમ - ૨૦ |
| | | દ્વિતિય પ્રયત્ન | ૧૫ | |
| | | તૃતિય પ્રયત્ન | ૧૦ | |
| ૪ | વધારાની લાયકાત (ડીપ્લોમા કોર્ષ ) | પ્રથમ પ્રયત્ન | ૧૫ | |
| | | દ્વિતિય પ્રયત્ન | ૧૦ | |
| | | તૃતિય પ્રયત્ન | ૫ | |
| ૫ | વડોદરા મહાનગરપાલિકાનો અનુભવ | | ૧૫ | મહત્તમ - ૨૫ |
| | સ્થાનિક પ્રાઇવેટ પ્રેક્ટિસ કરતા તબીબ | | ૧૦ | |
| **કુલ ગુણ** | | | | **૧૦૦ ગુણ** |